# ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચાતા જગતના તાતના માથે ચિંતાની લકીરો

## વરસાદના અભાવે ખરીફ પાક ખતરામાં : કઠોળનું વાવેતર હજુ બાકી



અરવલ્લી જિલ્લામાં મેઘરાજાની કૃપાદષ્ટિની મહેર ઓછી હોય તેવો અહેસાસ જિલ્લાના પ્રજાજનો, પશુ-પંખીઓ સહિત સૌને થઈ રહ્યો છે. મેઘરાજાની પધરામણી થાય ત્યારે અરવલ્લી જિલ્લાની વનરાજી સોળે કળાએ ખીલી ઉઠે છે. અને પશુ-પંખીઓના કલરવથી વાતાવરણ આહલાદક બની જાય છે. ત્યારે મેઘરાજાએ સપ્તાહથી વધુનો વિરામ લેતા મોર જેવા પંખીઓ વિહવળ બની ગયા છે અને સતત આભ સામે નજર દોડાવી મેહુલીયાના આગમનની રાહ જોતા હોય તેવુ દશ્ય જોવા મળ્યું હતું. વર્ષાઋતુમાં મોર તેના સંવનકાળનો સમય હોવાથી તેના પંખ ફેલાવી સોળેકળા કરીને ઢેલને રીજવવાનો પ્રયત્ન કરતો હોય છે. ઝવેરચંદ મેઘાણીની પંક્તિ ''મારૂ મન મોર બની થનગાનટ કરે' મોર બની થનગાટ કરે' આ દશ્ય જોઈ તાદશ્ય થાય છે. કુદરતી આહલાદક વાતાવરણમાં મેહુલીયાના વિરહમાં મોરની તસવીર કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

મોડાસા, તા.૮

ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હજુ સુધી મેઘરાજા મહેરબાન ન થતા ખેડુતોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે. ભક્કૂમિપુત્રોએ ખેતરોમાં ખરીફ બિયારણ ધરબી દીધું છે ત્યારે છેલ્લા કેટલાય સમયથી વરસાદ ખેંચાતા ખેડૂતોના જીવ તાળવે ચોંટયા છે. રોજ વરસાદની ચાતક નજરે રાહ જાણે લંબાતી જતી હોય તેવી સ્થિતિ પેદા થતા ખરીફ વાવેતર ખતરામાં આવી ગયું છે. જો વરસાદ લંબાય તો બાજરી, કઠોળ સહિત અન્ય ચોમાસુ ખેતીના વાવેતર પર અસર પડી શકે છે. ચોમાસુ ખેતી પર જીવન નિર્વાહ ચલાવતા ખેડૂતોની હાલત કફોડી બની છે.

સામાન્ય રીતે ગુજરાતમાં ચોમાસાનું આગમન ૧૫મી જૂન આસપાસ થતું હોય છે. આજે જુલાઈ માસની ૮મી તારીખ વીતી ગઈ હોવા છતાં ઉત્તર ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં ચોમાસાની વિધિવત શરૂઆત થઈ નથી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સપ્તાહ અગાઉ વરસાદ પડયો હતો ત્યારે પાટણ, મહેસાણા જિલ્લાના મોટભાગના તાલુકાઓમાં બિલકુલ વરસાદ પડયો નથી. બનાસકાંઠાના અમુક તાલુકાઓમાં નહીવત વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતના ખેડૂતોએ પાતાળ કુવા ઉપરથી સિંચાઈ કરીને ખરીફ પાકની વાવણી કરી છે. વરસાદ એકાદ માસ ખેંચાતા વાવણીને બચાવવા પાતાળ કુવાઓ પર આધાર રાખવો પડે છે. મોંઘુ બિયારણ, ખેડ, ખાતર, જંતુનાશક દવાઓ અને પિયતના બોરની ઉંચી કલાકવારીના કારણે



ભૂમિપુત્રની હાલત કફોડી બની છે. વરસાદ ખેંચાતા બિયારણ બળી જવાની દહેશત વ્યકત થઈ રહી છે.

વરસાદ એકાદ માસ મોડો થતા ઉત્તર ગુજરાતમાં કઠોળ સહિત અન્ય ખરીફ પાકોનું વાવેતર શકય નથી. જાણે કુદરત ખેડુતોની અગ્નિપરીક્ષા કરી રહી હોય તેમ જણાય છે. ફરીથી ઉત્તર ગુજરાતમાં લોકો અને પ્રાણીઓ માટે પીવાના પાણીનો પ્રશ્ન દિવસે ને દિવસે ગંભીર બનતો જાય છે.

# ખેડબ્રહ્મામાંથી બાઈક ચોરનારને પોલીસે દબોચ્યો

## બાઈક ચોરીનો ભેદ ઉકેલવા આરોપીના ચાર દિવસના રીમાન્ડ મંજુર

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા શહેર તથા તાલુકામાંથી છેલ્લા ત્રણ-ચાર માસથી



બાઈક ચોરીના સતત વધતા બનાવોથી પોલીસે વાહન ચેકીંગ વધારી દીધુ હતુ. પરિણામે ગુરૂવારે રાજસ્થાન બાજુથી આવતા એક બાઈકચાલક પાસે બાઈકના પુરાવા માગતાં તે રજુ ન કરી શકતા તેની અટકાયત કરી વધુ પુછપરછ કરતાં તેણે બે બાઈક ચોરીના ગુના કબુલ્યા હતા. ખેડબ્રહ્મામાંથી ચોરાયેલી બાઈકનો ભેદ ઉકેલવા આ આરોપીને કોર્ટમાં રજુ કરી પોલીસે ચાર દિવસના રીમાન્ડ મેળવ્યા છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ગુરૂવારના રોજ પી.એસ.આઈ. એસ.એમ. ગામેતી તથા સ્ટાફ વાહન ચેકીંગ કરી રહ્યા હતા ત્યારે રાજસ્થાન બાજુથી આવતી મોટરસાયકલ નંબર જીજે-૦૯.એજે.૫૭૨૫ના ચાલકને ઉભો રાખી બાઈકના પુરાવા માગતા તે રજુ કરી શક્યો ન હતો.

જેથી પોલીસને શંકા જતા કલમ ૪૧(૧ડી) મુજબ બાઈકચાલક ગુલાબભાઈ કેસરાભાઈ મકવાણા રહે. ઉદયપુર કોટડા ગામ સોબરીની અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી હતી. જેમાં ત્રણ માસ અગાઉ ખેડબ્રહ્મા અને વિજયનગરની મળી બે બાઈક ચોરી કર્યાનો ગુનો કબુલ્યો હતો તેથી શહેરમાંથી ચોરાયેલી આઠ-દસ બાઈકોનો ભેદ ઉકેલવા તથા બાઈકચોર ગેંગને જબ્બે કરવા ગુલાબ મકવાણાને કોર્ટમાં રજુ કરી ચાર દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. બાઈકચોર ગેંગ દ્વારા વાહનચોરીના ઘણા ભેદ ઉકેલાવાની પોલીસ સંભાવના વ્યક્ત કરી રહી છે.




## પ્રાંતિજ નગરપાલિકાના પ્રવેશદ્વારે ઘન કચરાના ઢગ ઠલવાયા

પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા આગળ જ ઘન કચરાનો થર જોવા મળે છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનના ધજાગરા થતાં હોય અને સ્વચ્છતાની બાબતે ખુદ નગરપાલિકા ઘોર નિંદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. પ્રાંતિજમાં સ્વચ્છતા અભિયાનમાં ખુદ પ્રાંતિજ નગરપાલિકા પાછળ હોય અને જાણે નગરપાલિકા જ સ્વચ્છતા અભિયાનનો ભંગ જાતે થતો હોય તેવું સ્પષ્ટ પણે જોઈ શકાય છે અને નગરપાલિકા મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર ઘન કચરાનો ઢગ થયો છે અને દુર્ગંધ મારે છે છતાં નગરપાલિકાના કોઈ અધિકારી કે કોઈ જવાબદાર દ્વારા મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર થયેલ કચરાના ઢગનો નિકાલ કે સફાઈ કરવામાં આવતો નથી. ત્યારે હાલ તો પ્રાંતિજ નગર પાલિકા ઘોર નિંદ્રામાં હોય તે સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

# હિંમતનગરમાં કોર્પોરેશન બેંકનું એ.ટી.એમ. તોડી ચોરીનો પ્રયાસ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મહાવીરનગરમાં આવેલ કોર્પોરેશન બેંકના એ.ટી.એમ. મશીનને ગુરૂવારે મોડી રાત્રે તોડવાની કોશિષ કરી ચોરીનો પ્રયાસ કર્યો હતો. ઉપરાંત સીસી ટીવી કેમેરા તોડી નાખી નુકશાન પહોંચાડયુ હતું. એ.ટી.એમ. અને સીસી ટીવી કેમેરા તોડી ચોરીનો પ્રયાસ કરવાની ઘટના અંગે બેંકના બ્રાન્ચ મેનેજરે શુક્રવારે એ-ડીવીઝનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યુ હતું.

શહેરના મહાવીરનગરમાં જગદીશ પ્લાઝા કોમ્પલેક્ષમાં આવેલી કોર્પોરેશન બેંકના એ.ટી.એમ. સેન્ટરને ગુરૂવારે મોડી રાત્રે નિશાન બનાવી કોઈ તસ્કરે શટરના તાળા તોડી અંદર પ્રવેશ્યા હતા. દરમિયાનમાં તસ્કરે એ.ટી.એમ. સેન્ટરમાં લગાવેલા સીસી ટીવી કેમેરા તોડી નાખી નુકશાન કર્યુ હતું. તેમજ એ.ટી.એમ. મશીનને પણ તોડવાની કોશિષ કરી ચોરીનો પ્રયાસ કર્યો હતો.

વહેલી સવારે બેંકનું એ.ટી.એમ. ખોલવાનું કામ કરતા સફાઈ કામદાર સુમિત્રાબેનના પતિ ગણપતભાઈએ એ.ટી.એમ. સેન્ટરના શટરના તાળા તુટયા હોવાની બેંકના બ્રાન્ચ મેનેજર બ્રજેશ નરેન્દ્રકુમાર કુમારને કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બેંકના બહારના ભાગે આવેલા એ.ટી.એમ. સેન્ટરનું શટર ખોલી અંદર જોતા એ.ટી.એમ. મશીનના બોડીના ભાગને નુકશાન કરી કેબીનમાં લગાવાયેલા સીસી ટીવી કેમેરા તોડી નાખ્યાનું ધ્યાને આવ્યુ હતું. જેથી બ્રાન્ચ મેનેજરે હેડ ઓફિસ તેમજ ઝોનલ ઓફિસને ઘટનાની જાણ કરી શુક્રવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરમાં હીટ એન્ડ રનનો બનાવ : ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિધાર્થીની સહિત પિતાનું મોત

પાલનપુરના આબુ હાઈવે પર આજે હીટ એન્ડ રનનો બનાવ બનતા ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી વિધાર્થીની સહિત તેના પિતા નું મોત થવા પામ્યું છે। પાલનપુર નજીક સદરપુર ગામે ૧૬ વર્ષીય કિશોરી ને તેના પિતા સ્કૂલ માં મુકવા જઈ રહયા હતા તે દરમિયાન અજાણ્યા વાહન ની ની ટક્કર થી ૧૬ વર્ષીય વિધાર્થીની નું ગતના સ્થળે જ મોત થવા પામ્યું હતું તેમજ તેના ૩૭ વર્ષીય પિતા શાંતિભાઈ મકવાણા નું સારવાર દરમિયાન સિવિલ હોપિટલ માં મોત થવા પામ્યું હતું જો કે આ રોડ પર હીટ એન્ડ રન ના બનાવ ને પગલે સમગ્ર ગામ માં શોક નો માહોલ સર્જાયો હતો। એક જ ગામ માં એક સાથે પિતા પુત્રી ના મોત થતા સિવિલ હોસ્પિટલ માં પણ શોક ની કાલિમા છવાઈ હતી જો કે અજાણ્યા વાહન નો હજુ સુધી કોઈ જ પત્તો મળ્યો નથી તેમજ પોલીસ પણ આ બનાવ ને પગલે તાત્કાલિક દોડતી થઈ વધુ તપાસ હાથ ધરી છે.



ખેડબ્રહ્મા માર્કેટ યાર્ડની ખેડૂત વિભાગની આઠ જગ્યા માટે મતદારોની લાઈન. ૯૯ ટકા જેટલુ મતદાન થયુ. શનિવારે બજાર સમિતિમાં મતગણતરી હાથ ધરાશે.

# સાબરકાંઠા ચાઈલ્ડ લાઈન સંસ્થા દ્વારા ૧૦૦થી વધુ બાળકોને મદદ કરાઈ

સાબરકાંઠાના હિંમતનગર ખાતે છેલ્લા એક વર્ષથી કામ કરી રહેલ ૧૦૯૮ ચાઈલ્ડ લાઈન સંસ્થા દ્વારા ૧૦૦થી વધુ બાળકોને મદદ કરાઈ છે. જેના માટે કેન્દ્ર અને રાજય સરકારના વિવિધ વિભાગો પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપે છે એમ શુક્રવારે યોજાયેલી એક બેઠકમાં જણાવાયુ હતું.

આ અંગે સાબરકાંઠા ચાઈલ્ડ લાઈન સંસ્થાના અગ્રણી વનિતા વાણીયા અને પારૂલ વાણીયા તથા તેમની ટીમના જણાવાયા મુજબ જરૂરિયાતના સમયે જેવી રીતે ૧૦૮ એમ્બ્યુલન્સની પ્રજા સેવા લે છે તેમ ચાઈલ્ડ લાઈનની ૧૦૯૮ સંસ્થા પણ બાળકોના અધિકારો પર કામ કરે છે. હિંમતનગરના પિપલોદી નજીક આવેલ આ સંસ્થાના આઠથી વધુ કર્મચારીઓ ગુમ થયેલા બાળકો, બાળમજૂરો, શોષિત તથા મા-બાપ વિહોણા બાળકો, ભીખ માગતા અને તરછોડાયેલા બાળકો માટે ચોવીસ કલાક સેવા આપવા તત્પર હોય છે. છેલ્લા એક વર્ષમાં આ સંસ્થા દ્વારા અંદાજે ૧૦૦થી વધુ બાળકોને મદદ કરાઈ છે. આ સંસ્થા દ્વારા દર મહિને જાહેર સ્થળો પર લોકજાગૃતિ કેળવવાના આશયથી હેન્ડબીલનું વિતરણ કરવામાં આવે છે.



અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતી તેમજ ભૃણહત્યા અટકાવવા તેમજ પર્યાવરણ બચાવવા અને મહિલા શસક્તિકરણના અભિયાન અંતર્ગત લોક જાગૃતિના કાર્યક્રમો કરતી મોડાસા જાયન્ટસ ગ્રુપ દ્વારા મોડાસાના શામળાજી રોડ પર ડિપ વિસ્તારમાં આવેલી રત્નદીપ બાલમંદિર શાળામાં 'બેટીયા સ્કૂલ ચલો' અભિયાન અંતર્ગત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧૦૦ સ્કૂલ કિટનું વિતરણ (નોટબુક, સ્કૂલબેગ, સ્કેલ, પેન્સીલ, લંચ બોક્સ, પાણીની બોટલ, શાર્પનર અને રબ્બર) સાથેની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસાના પ્રમુખ અનિષ કાવઠીયા, જાયન્ટસ ગ્રુપ થ્રીસીના ડાયરેક્ટર નીલેષભાઈ જોષી, નવનીત પરીખ, મુકુન્દ શાહ, ભાવેશ જયસ્વાલ, વિનોદ પટેલ, રેજીમોન થાઈ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના જાણીતા કટાર લેખક અને શિક્ષક તજજ્ઞ ડૉ. સંતોષ દેવકર દ્વારા શાળાના શિક્ષકો અને બાળકોને આજનું આધુનિક શિક્ષણ સાથે તાલમેલ અંતર્ગત વ્યાખ્યાન આપ્યું હતું.

## મોતીપુરા-હાજીપુરમાંથી બે વાહનોની ચોરી

હિંમતનગરના મોતીપુરા ખાતે આવેલા હનુમાનજી મંદિર સામેની લાટી પાસેથી ગત શુક્રવારે કોઈ ગઠિયો બાઈક નં.જીજે.૧૮.પી. ૭૪૧૭ની ચોરી કરી લઈ જતા ગાંધીનગરના ચંદ્રાલા ગામે રહેતા યશવંતભાઈ હિરાભાઈ પટેલે શુક્રવારે હિંમતનગરના એ-ડીવીઝનમાં ૧૫ હજારની કિંમતના વાહનની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. હાજીપુર ગામે રહેતા હિતેષકુમાર ચીમનભાઈ પટેલે પોતાના ઘર આગળની ખુલ્લી જગ્યામાં પોતાનું બાઈક નં.જીજે.૯. એએમ. ૩૬૬૪ પાર્ક કર્યુ હતું. જે ૧૫ હજારની કિંમતના બાઈકની ગુરૂવારે કોઈ ગઠિયો ચોરી કરી જતા તેમણે શુક્રવારે એ-ડીવીઝનમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજ્યના આરોગ્ય કેન્દ્રમાં અપાતા ડાયેટના ભાવમાં વધારો ન થતા ભારે વિસંગતતા

તલોદ, તા. ૮

રાજ્ય સરકાર હસ્તકની રેફરલ હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે દાક્તરી સારવાર માટે દાખલ થયેલા તમામ દર્દીઓને 'વિના મૂલ્યે' આપવામાં આવતા બે વખતના ચા-કોફી અને ભોજન પુરૂ પાડતી એજન્સીઓએ આ 'ડાયેટ'ના ચાર્જમાં વધારો કરવાની માંગ કરી છે. પ્રતિદિન ૨ વખત ચા-કોફી અને સાત્વિક શુદ્ધ ઘી-તેલવાળુ ભોજન દર્દીઓને આપવાની રાજ્ય સરકારની યોજના પ્રશંસનીય છે. પરંતુ આ આખા દિવસના પુરા ડાયેટ માટેનો ભાવ માત્ર રૂ. ૬૦ રાજ્ય સરકારે ઠરાવેલ છે. જે ડાયેટ પુરો પાડનાર માટે શોષણ સમાન પુરવાર થયો છે. કાળઝાળ મોંઘવારીના વર્તમાન સમયગાળામાં આખા દિવસના ડાયેટનો આ નહીંવત ભાવ 'ટકે શેર ભાજી ને ટકે શેર ખાજા...' જેવો ભાસી રહ્યો છે. આ સ્થિતિ સાબરકાંઠાના તલોદ ખાતેની રેફરલ હોસ્પિટલની પણ છે. ડાયેટ પુરો પાડનાર એજન્સીની પ્રબળ માંગ છે કે, આ ફુલટાઈમ ડાયેટનો ભાવ સરકારે ઓછામાં ઓછો રૂ. ૧૨૫ મુજબ કરી આપવો જોઈએ.

રૂ.૬૦માં બે ટંક ભોજન અને ચા-કોફી આપવાનું ઠરાવીને સરકારનું જવાબદાર તંત્ર કેટલુ અને કેવું સાત્વિક ભોજન દર્દીઓને કેટલા સમય સુધી પુરૂ પાડશે? તેવો સવાલ શ્રમજીવી એજન્સીઓના દિલોદિમાગમાં વલોપાત કરી રહ્યો છે. જેઓની હાલત કફોડી, દયનીય અને મજબૂર બની છે.

વર્તમાન સમયમાં એક કપ ચા-કોફીનો ભાવ રૂ. ૧૬ થી ૨૦ ચુકવવો પડે છે. જ્યારે એક ટંકના 'ફિક્સ ભાણા'ના રૂ. ૭૫ થી ૧૦૦ થાય છે. ત્યારે, અહિં સરકાર માત્ર બજાર કિંતના ૨૫ ટકા જેટલો ડાયેટનો ભાવ ચૂકવે છે. જે તદ્દન ગેરવાજબી ભાવ છે.

આ અંગે ડાયેટ સેવા પુરી પાડનાર એજન્સી પરિવારોએ જે તે સ્થાનિક રોગી કલ્યાણ સમિતિ સમક્ષ ભારે ખેદ વ્યક્ત કરીને ડાયેટનો ભાવવધારો થાય તે અંગે રાવ નાખી છે. છેલ્લા ૬ વર્ષથી રૂ. ૬૦નો આ ભાવ ડાયેટ પુરૂ પાડનારને કેમ પોષાતો હશે? તેવો સવાલ સરકારમાં બેઠેલા જવાબદાર તંત્રના કોઈ બુદ્ધિજીવીને મન કેમ નહિ ઉદ્ભવ્યો હોય? તેવો સવાલ અહિં પેદા થયો છે. વર્તમાન સમયમાં ઘી-તેલ, અનાજ, કઠોળ, દૂધ, શાકભાજી, મરી-મસાલા સહિતની સામગ્રી અને રાંધણગેસ સહિતના બળતણનો તથા લેબર ચાર્જમાં ભાવ વધારો અસહ્ય બનીને આસમાનને આંબી રહ્યો છે ત્યારે ગરીબ, સામાન્ય અને મધ્યમ વર્ગના તમામ દર્દીઓને 'યોગ્ય ભોજન' આપવાની અપેક્ષા રાખતી રાજ્ય સરકાર છેલ્લા ૬ વર્ષથી ડાયેટના ભાવમાં વધારો નહિ કરીને ભારે વિસંગતતા ઉભી કરી રહી છે જે સાચા અર્થમાં ન્યાયની વિરૂદ્ધમાં છે.